જા. નં. 89/EC/RO/GV/2024-25

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

**Executive Council (DU) 2/2024-25** તા. **29-06-2024**

આદરણીયશ્રી,

ગૂજરાત વિદ્યાપીઠ **(DU)**ની **Executive Council**ની વર્ષ 2024-25ની દ્વિતીય બેઠક તા. 29-06-2024 ને શનિવારના રોજ બપોરે 12-00 વાગ્યે સમિતિકક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આદરણીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા :

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. હર્ષદ એ. પટેલ | : કુલપતિશ્રી અને અધ્યક્ષશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૨. | ડૉ. નીતિનભાઈ પેથાણી | : કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ (ઑનલાઈન) |
| ૩. | શ્રી દિલીપભાઈ ઠાકર | : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ |
| ૪. | પ્રા. કનુભાઈ નાયક | : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ |
| ૫. | શ્રી વિશાલભાઈ ભાદાણી | : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન) |
| ૬. | ડૉ. અજયભાઈ પરીખ | : સભ્ય તથા ડીનશ્રી, કમ્પ્યૂટર વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૭. | ડૉ. નીરજભાઈ શેઠ | : સભ્ય તથા ડીનશ્રી, વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૮. | ડૉ. મંજુલાબહેન ડાભી | : સભ્ય તથા પ્રાધ્યાપકશ્રી, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૯. | ડૉ. શેતલબહેન બડોદિયા | : સભ્ય તથા સહ-પ્રાધ્યાપકશ્રી, HRM વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૦. | ડૉ. કૌશિકભાઈ પટેલ | : સભ્ય તથા મદદનીશ પ્રાધ્યાપકશ્રી, માઈક્રોબાયોલૉજી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૧. | ડૉ. નિખિલ ભટ્ટ | : કાર્યકારી કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |

કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ ડૉ. નીતિનભાઈ પેથાણીને બેઠકમાં આવકાર આપવામાં આવ્યો.

ત્યારબાદ બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : તા. 27-05-2024ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારીનોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-1 : તા. 27-05-2024ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારીનોંધને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-2 : તા. 29-06-2024ના રોજ મળેલ વિદ્યાસભાના ઠરાવ નં. 3 અનુસાર ગૂજરાત વિદ્યાપીઠના સિત્તેરમાં પદવીદાન સમારંભમાં એનાયત થનારી પદવીઓ અને પારિતોષિકોને બહાલી આપવા અંગે.

ઠરાવ-2 : તા. 29-06-2024ના રોજ મળેલ વિદ્યાસભાના ઠરાવ નં. 3 અનુસાર ગૂજરાત વિદ્યાપીઠના સિત્તેરમા પદવીદાન સમારંભમાં એનાયત થનારી પદવીઓ અને પારિતોષિકોને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 : વર્ષ 2024-25નાં સુધારેલ એકેડેમિક કેલેન્ડર અંગે.

ઠરાવ-2 : વર્ષ 2024-25નાં સુધારેલ એકેડેમિક કેલેન્ડરને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 : શૈક્ષણિક વર્ષ 2024-25ના વિભાગ પ્રમાણેના અભ્યાસક્રમ અનુસાર સમયપત્રક અંગે.

ઠરાવ-4 : શૈક્ષણિક વર્ષ 2024-25ના વિભાગ પ્રમાણેના અભ્યાસક્રમ પ્રમાણે નીચે દર્શાવેલ સમય અનુસાર સવાર તથા બપોરના સમયનું સમયપત્રક નક્કી કરવા ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | વિદ્યાશાખાનું નામ | વિભાગનું નામ | સમય |
|---|---|---|---|
| 1. | ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા | ગુજરાતી | 10-30 થી 06-00 |
| | | હિન્દી | 10-30 થી 06-00 |
| | | અંગ્રેજી | 10-30 થી 06-00 |
| 2. | સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા | ગ્રામઅર્થશાસ્ત્ર | 10-30 થી 06-00 |
| | | ઇતિહાસ અને સંસ્કૃતિ | 10-30 થી 06-00 |
| | | સમાજશાસ્ત્ર | 10-30 થી 06-00 |
| | | ગાંધીદર્શન | 10-30 થી 06-00 |
| 3. | શિક્ષણ વિદ્યાશાખા | શિક્ષણ વિભાગ | 08-00 થી 03-00 |
| 4. | વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા | સમાજકાર્ય વિભાગ અને ગ્રામવિકાસ | 10-30 થી 06-00 |
| | | પત્રકારત્વ વિભાગ | 08-00 થી 03-00 |
| | | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન | 08-00 થી 03-00 |
| 5. | શારીરિક શિક્ષણ અને રમતગમત વિદ્યાશાખા | શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ | 06-30થી 01-30 |
| | | યોગ વિભાગ | 07-00થી 02-30 |

| ક્રમ | વિદ્યાશાખાનું નામ | વિભાગનું નામ | સમય |
|---|---|---|---|
| 6. | વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા | માઈક્રોબાયોલોજી | 10-30 થી 06-00 |
| | | ફુડ એન્ડ ન્યુટ્રીશન | 10-30 થી 06-00 |
| 7. | કમ્પ્યૂટર વિદ્યાશાખા | કમ્પ્યૂટર – BCA<br>કમ્પ્યૂટર - MCA | 08-00થી 03-00<br>10-30થી 06-00 |
| 8. | વ્યવસ્થાપન વિદ્યાશાખા | ગ્રામવ્યવસ્થાપન | 10-30થી 06-00 |
| | | HRM | 08-00થી 03-00 |

કાર્ય-5 : ગૂજરાત વિદ્યાપીઠ અને પ્રધાનમંત્રીશ્રી સંગ્રહાલય (PM સંગ્રહાલય) વચ્ચે ઇતિહાસ-સંશોધન માટે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-5 : ગૂજરાત વિદ્યાપીઠ અને પ્રધાનમંત્રીશ્રી સંગ્રહાલય (PM સંગ્રહાલય) વચ્ચે ઇતિહાસ-સંશોધન માટે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવામાં આવી. પ્રધાનમંત્રીશ્રી સંગ્રહાલય (PM સંગ્રહાલય) સાથે MoU કરવામાં ગૂજરાત વિદ્યાપીઠ પ્રથમ યુનિવર્સિટી છે. જેનાં શ્રેય માટે માન. કુલપતિશ્રીને બેઠકમાં અભિનંદન પાઠવવામાં આવ્યા.

કાર્ય-6 : ગૂજરાત વિદ્યાપીઠ અને Inter University Centre for Teacher Education, વારાણસી સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-6 : ગૂજરાત વિદ્યાપીઠ અને Inter University Centre for Teacher Education, વારાણસી સાથે કરવામાં આવેલ MoU (Memorandum of Understanding)ને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-7 : ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ 2023-24ના વાર્ષિક અહેવાલને બહાલી આપવા અંગે.

ઠરાવ-7 : ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ 2023-24ના વાર્ષિક અહેવાલને બહાલી આપવામાં આવી.

કાર્ય-8 : શૈક્ષણિક સેવકો માટે તા. 19-20-21 જૂન, 2024 દરમ્યાન આયોજિત 'અભ્યાસક્રમ રચના કાર્યશાળા' ની જાણ અંગે.

ઠરાવ-8 : શૈક્ષણિક સેવકો માટે તા. 19-20-21 જૂન, 2024 દરમ્યાન આયોજિત 'અભ્યાસક્રમ રચના કાર્યશાળા'ની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-9 : વિવિધ ભવનો તથા વિભાગોની પુનઃ રચના તથા વ્યવસ્થાપન અંગે.

ઠરાવ-9 : વિવિધ ભવનો તથા વિભાગોની પુનઃ રચના તથા વ્યવસ્થાપન અંગેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-10 : Government of India, Ministry of Personnel, Public Grievances and Pension, Department of Personnel & Trainingના પત્રક્રમાંક No. A-27012/01/2023-Pers. Policy (Allowance) અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ (DU)ના બાળભથ્થું મળવાપાત્ર સેવકોને તા. 01-01-2024થી બાળશિક્ષણ ભથ્થાંની રકમ માસિક રૂ. 2,700/- ને બદલે માસિક રૂ. 2,812.50 ચૂકવવા તથા જાન્યુઆરી 2024થી માર્ચ 2024ના તફાવતની રકમ ચૂકવવા અંગે.

ઠરાવ-10 : Government of India, Ministry of Personnel, Public Grievances and Pension, Department of Personnel & Trainingના પત્રક્રમાંક No. A-27012/01/2023-Pers. Policy (Allowance) અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ (DU)ના બાળભથ્થું મળવાપાત્ર સેવકોને તા. 01-01-2024થી બાળશિક્ષણ ભથ્થાંની રકમ માસિક રૂ. 2,700/- ને બદલે માસિક રૂ. 2,812.50 ચૂકવવા તથા જાન્યુઆરી 2024થી માર્ચ 2024ના તફાવતની રકમ ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-11 : ગૂજરાત વિદ્યાપીઠની સેવામાંથી નિવૃત્ત થતા સેવકોને તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં જમા રકમ વ્યાજ સહિત ચૂકવવા અંગે.

| ક્રમ | સેવકનું નામ | સેવક નં. | જમા પી.એફ. | વિભાગ |
|---|---|---|---|---|
| 1. | શ્રી અરવિંદભાઈ પટેલ | 973 | 53,60,193 | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી |
| 2. | શ્રી નરેન્દ્રકુમાર એલ. પટેલ | 343 | 25,25,543 | કુમાર વિનય મંદિર, અમદાવાદ |
| 3. | શ્રી રાજેન્દ્રભાઈ એમ. પટેલ | 458 | 29,636 | કુમાર વિનય મંદિર, અમદાવાદ |
| 4. | શ્રી વિમલભાઈ રાવલ | 38 | 86,460 | ગૂ. વિ. ઉચ્ચ શિક્ષણ વિભાગ |
| 5. | શ્રી ઉષાબહેન એમ. પટેલ | 234 | 6,19,158 | ગૂ. વિ. ઉચ્ચ શિક્ષણ વિભાગ |
| 6. | ડૉ. રણછોડભાઈ ચૌહાણ | 270 | 61,32,505 | ગૂ. વિ. ઉચ્ચ શિક્ષણ વિભાગ |
| 7. | શ્રી પરેશભાઈ સાધુ | 361 | 6,84,571 | ગૂ. વિ. ઉચ્ચ શિક્ષણ વિભાગ |
| | | કુલ રકમ | 15,438,66 | |

ઠરાવ-11 : ગૂજરાત વિદ્યાપીઠની સેવામાંથી નિવૃત્ત થતા સેવકોને તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં જમા રકમ વ્યાજ સહિત ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-12 : ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ 2023-24ના અન ઓડિટેડ હિસાબો અંગે.

ઠરાવ-12 : ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ 2023-24ના અન ઓડિટેડ હિસાબોની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-13 : ભારત સરકાર પાસે ગૂજરાત વિદ્યાપીઠ (DU) માટે કેપિટલ ગ્રાન્ટ રૂ. 99.77 કરોડની દરખાસ્ત અંગે. (પરિશિષ્ટ-10)

ઠરાવ-13 : ઉપરોક્ત કાર્ય મુલતવી રાખવામાં આવ્યું.

કાર્ય-14 : ગૂજરાત વિદ્યાપીઠ (DU) રૂલ્સ 2024ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-14 : ગૂજરાત વિદ્યાપીઠ (DU) રૂલ્સ 2024ને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી.

કાર્ય-15 : શ્રી સુમિત જિતેન્દ્રકુમાર સોલંકી (MTS, શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)ને વિભાગીય પુષ્ટિ સમિતિ (DCC)ની ભલામણ મુજબ સેવામાં કાયમી કરવા અંગે.

ઠરાવ-15 : શ્રી સુમિત જિતેન્દ્રકુમાર સોલંકી (MTS, શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)ને વિભાગીય પુષ્ટિ સમિતિ (DCC)ની ભલામણને આધીન તા. 07-05-2023થી મલ્ટી ટાસ્કીંગ સ્ટાફની જગ્યામાં કાયમી કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-16 : ડૉ. સુરભિબહેન લેઉવા, ચીફ મેડિકલ ઓફિસરને વિદેશ પ્રવાસ માટે હકરજા સાથે મંજૂરી આપવા અંગે. (પરિશિષ્ટ-13)

ઠરાવ-16 : ડૉ. સુરભિબહેન લેઉવા, ચીફ મેડિકલ ઓફિસરને તા. 10-06-2024થી તા. 06-07-2024 સુધી 27 દિવસ માટે સ્વખર્ચે વિદેશ પ્રવાસ માટે હકરજાઓ સાથે કાર્યાલયે આપેલ મંજૂરીને ગ્રાહ્ય રાખવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-17 : ડૉ. સોનલબહેન પ્રશાંત પટેલની ચાઈલ્ડકેર લીવની મંજૂરી બાબત.

ઠરાવ-17 : ડૉ. સોનલબહેન પ્રશાંત પટેલની તા. 17-07-2024થી તા. 31-07-2024 સુધીની કુલ 15 દિવસની બીજી વખતની ચાઈલ્ડકેર લીવને મંજૂરી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-18 : તા. 01-01-2024 પછી નિવૃત્ત થયેલાં સેવકોના કિસ્સામાં ગ્રેજ્યુઈટી રૂ. 25 લાખ ચૂકવવા બાબતના ભારત સરકારના તા. 30-05-2024ના ઓફિસ મેમોરેન્ડમ No. 28/03/2024-P&PW (B) Gratuity/9559ના અમલ માટે મંજૂરી અંગે.

ઠરાવ-18 : ભારત સરકારના તા. 30-05-2024ના ઓફિસ મેમોરેન્ડમ No. 28/03/2024-P&PW (B) Gratuity/9559ના અમલવારી તથા તા. 01-01-2024 પછી નિવૃત્ત થયેલ કર્મચારીઓને તફાવતની રકમ ચૂકવવા મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-19 : શ્રી વિમલકુમાર અમૃતલાલ રાવલ (ઉચ્ચ શ્રેણી કારકુન) ને વયનિવૃત્તિના લાભો તથા પેન્શન ચૂકવવા મંજૂરી અંગે.

ઠરાવ-19 : વયમર્યાદાને કારણે નિવૃત્ત થનાર શ્રી વિમલકુમાર અમૃતલાલ રાવલના નિવૃત્તિના અંદાજિત લાભો રૂ. 26,29,368/- (અંકે રૂ. છવ્વીસ લાખ ઓગણત્રીસ હજાર ત્રણસો અડસઠ પૂરા) તથા પ્રતિમાસ તા. 01-10-2024થી પેન્શન રૂ. 13,620/- (અંકે રૂ. તેર હજાર છસ્સો વીસ પૂરા) મળવાપાત્ર મોંઘવારી રાહત સાથે ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-20 : શ્રીમતી ઉષાબહેન મુકેશકુમાર પટેલ(સહપ્રાધ્યાપક)ને વયનિવૃત્તિના લાભો તથા પેન્શન ચૂકવવા મંજૂરી અંગે.

ઠરાવ-20 : વયમર્યાદાને કારણે નિવૃત્ત થનાર શ્રીમતી ઉષાબહેન મુકેશકુમાર પટેલના નિવૃત્તિના અંદાજિત લાભો રૂ. 89,68,147/- (અંકે રૂ. નેવ્યાસી લાખ અડસઠ હજાર એકસો સુડતાલીસ પૂરા) તથા પ્રતિમાસ તા. 01-10-2024થી પેન્શન રૂ. 65,130/- (અંકે રૂ. પાંસઠ હજાર એકસો ત્રીસ પૂરા) મળવાપાત્ર મોંઘવારી રાહત સાથે ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-21 : નિવૃત્ત સેવક ડૉ. શશીબાલા પંજાબીને પાંત્રીસ (35) હકરજા અને આઠ (8) અર્ધપગારી રજાની કુલ રકમ 1,81,373/- રોકડમાં ચૂકવવા મંજૂરી આપવા અંગે.

ઠરાવ-21 : વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલ ડૉ. શશીબાલા પંજાબીને સાતમા પગારપંચ મુજબ તેમના ખાતે જમા હકરજા અને અર્ધપગારી રજાની રોકડમાં રૂપાંતર માટેની કુલ રકમ રૂ. 1,81,373/- (અંકે રૂ. એક લાખ એક્યાસી હજાર ત્રણસો તોત્તેર પૂરા) ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-22 : શ્રી દિનેશભાઈ રાણાની નિવૃત્તિનાં લાભો ચૂકવવાની વિનંતી અંગે નિર્ણય અંગે.

ઠરાવ-22: શ્રી દિનેશભાઈ રાણાની નિવૃત્તિનાં લાભો નિવૃત્તિના અંદાજિત લાભો રૂ. 31,96,777/- (અંકે રૂ. એકત્રીસ લાખ છન્નું હજાર સાતસો સિત્યોતેર પૂરા) તથા પ્રતિમાસ તા. 01-07-2024થી પેન્શન રૂ. 21,630/- (અંકે રૂ. એકવીસ હજાર છસ્સો તીસ પૂરા) મળવાપાત્ર મોંઘવારી રાહત સાથે ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

આ કાર્ય અંગે અગાઉની બે વાર મળેલ BoMની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે, પરંતુ અત્યાર સુધી તે સંદર્ભે કોઈ અમલવારી કરવામાં આવેલ નથી. આ બાબતે વિભાગને કામગીરી માટે ગંભીરતા દાખવવા જણાવવામાં આવ્યું.

કાર્ય-23 : શ્રી મહારાજદિન રામદુલારે મોર્યા (પેન્શનર)ને 85 વર્ષ પૂર્ણ થતાં તા.23-07-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 13,195/- ચૂકવવાની મંજૂરી અંગે.

ઠરાવ-23 : શ્રી મહારાજદિન રામદુલારે મોર્યા (પેન્શનર)ને 85 વર્ષ પૂર્ણ થતાં તા.23-07-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 13,195/- પ્રતિમાસ ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-24 : શ્રી રમેશચંદ્ર હરીશંકર ત્રિવેદી (પેન્શનર)ને 85 વર્ષ પૂર્ણ થતાં તા.13-10-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 85,410/- ચૂકવવાની મંજૂરી અંગે.

ઠરાવ-24 : શ્રી રમેશચંદ્ર હરીશંકર ત્રિવેદી (પેન્શનર)ને 85 વર્ષ પૂર્ણ થતાં તા.13-10-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 85,410/- પ્રતિમાસ ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-25 : શ્રી ચંદ્રકાન્ત પુરૂષોત્તમદાસ પટેલ (પેન્શનર)ને 90 વર્ષ પૂર્ણ થતાં તા.23-09-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 91,980/- ચૂકવવાની મંજૂરી અંગે.

ઠરાવ-25 : શ્રી ચંદ્રકાન્ત પુરૂષોત્તમદાસ પટેલ (પેન્શનર)ને 90 વર્ષ પૂર્ણ થતાં તા.23-09-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 91,980/- પ્રતિમાસ ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-26 : શ્રીમતી વિમળાબહેન છોટાલાલ પટેલ (પેન્શનર)ને 95 વર્ષ પૂર્ણ થતાં તા.18-12-2024થી એડીશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 20,100/- ચૂકવવાની મંજૂરી અંગે.

ઠરાવ-26 : શ્રીમતી વિમળાબહેન છોટાલાલ પટેલ (પેન્શનર)ને 95 વર્ષ પૂર્ણ થતાં તા.18-12-2024થી એડીશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 20,100/- પ્રતિમાસ ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-27 : શ્રી નિરંજનાબહેન એસ. વોરા (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.19-10-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 46,560/- ચૂકવવાની મંજૂરી અંગે.

ઠરાવ-27 : શ્રી નિરંજનાબહેન એસ. વોરા (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.19-10-2024થી એડિશનલ પેન્શન સહિત અંદાજિત રકમ રૂ. 46,560/- પ્રતિમાસ ચૂકવવાની મંજૂરી માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-28 : તા. 01-07-2024થી ગ્રામવ્યવસ્થાપન વિભાગની રાંધેજા ખાતેથી અમદાવાદ પરિસર ખાતે સ્થળાંતર સંદર્ભે થયેલ કાર્યાલય આદેશ તથા All India Council for Technical Education (AICTE)ના પત્ર ક્રમાંક F. No. Central/1-43657685674/2024/EOA/corrigendum-1 Date of Approval 19 Jun 2024 દ્વારા શૈક્ષણિક વર્ષ 2024-25થી 60 વિદ્યાર્થીઓના પ્રવેશ માટે માન્યતા આપી તેની જાણ સારૂ.

ઠરાવ-28 : તા. 01-07-2024થી ગ્રામવ્યવસ્થાપન વિભાગની રાંધેજા ખાતેથી અમદાવાદ પરિસર ખાતે સ્થળાંતર સંદર્ભે થયેલ કાર્યાલય આદેશ તથા All India Council for Technical Education (AICTE)ના પત્ર ક્રમાંક F. No. Central/1-43657685674/2024/EOA/corrigendum-1 Date of Approval 19 Jun 2024 દ્વારા શૈક્ષણિક વર્ષ 2024-25થી 60 વિદ્યાર્થીઓના પ્રવેશ માટે માન્યતા મળી તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-29 : વર્ષ 2023-24 દરમ્યાન વિવિધ વિદ્યાશાખા/વિભાગોના કુલ 464 વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ કુલ રકમ રૂ. 21,53,500 (એકવીસ લાખ ત્રેપન હજાર પાંચસો રૂપિયા)ની શિષ્યવૃત્તિ અંગે. (પરિશિષ્ટ-26)

ઠરાવ-29 : વર્ષ 2023-24 દરમ્યાન વિવિધ વિદ્યાશાખા/વિભાગોના કુલ 464 વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ કુલ રકમ રૂ. 21,53,500 (એકવીસ લાખ ત્રેપન હજાર પાંચસો રૂપિયા)ની શિષ્યવૃત્તિની નોંધ લેવામાં આવી તથા હવે વર્ષ 2024-25થી વિવિધ વિદ્યાશાખા/વિભાગોના વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિ સંદર્ભે નવું માળખું નક્કી કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-30 : ગૂજરાત વિદ્યાપીઠના NET/CSIR NET/GSET પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને પરીક્ષા ફીમાથી મુક્તિ આપવા, કેન્દ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓને મળતી મેરિટ શિષ્યવૃત્તિ તથા નેશનલ ગાંધીવિચાર વિસ્તરણ શિષ્યવૃત્તિ અંગે.

ઠરાવ-30 : ગૂજરાત વિદ્યાપીઠના NET/CSIR NET/GSET પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પરીક્ષાની હોલ ટિકિટ જમા કરાવે પછી જ પરીક્ષા ફી મજરે આપવા ઠરાવવામાં આવ્યું.

કેન્દ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓને મળતી મેરિટ શિષ્યવૃત્તિની તથા નેશનલ ગાંધીવિચાર વિસ્તરણ શિષ્યવૃત્તિ સંદર્ભે બેઠકમાં માહિતી આપવામાં આવી.

ગાંધી વિચાર વિસ્તારક યોજના અંતર્ગત 25 વ્યક્તિઓને બે વર્ષ માટે શિષ્યવૃત્તિ આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-31 : ગૂજરાત વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓ માટેનાં 'Swabhiman Project for Nurturing Aptitude (SWAPNA)' ના અહેવાલ અંગે.

ઠરાવ-31 : ગૂજરાત વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓ માટેનાં 'Swabhiman Project for Nurturing Aptitude (SWAPNA)' ના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-32 : Public Account Committee (PAC) સંદર્ભે Ministry of Education (MoE)ના પત્રક્રમાંક No. 12-21/2017-U.3(A) dated 27-06-2024 તથા 20-10-2023ના પ્રત્યુત્તર અંગે.

ઠરાવ-32 : Ministry of Education (MoE)ના પત્રક્રમાંક No. 12-21/2017-U.3(A) dated 27-06-2024 તથા 20-10-2023 બાબતે Public Account Committee (PAC) સંદર્ભે બનેલ ડિસીપ્લીનરી સમિતિએ કરેલ ભલામણ તેમજ જોગવાઈઓ અનુસાર આગળની કાર્યવાહી કરી પ્રત્યુત્તર કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-33 : તા. 29-06-2024ના રોજ મળેલ વિદ્યાસભાના ઠરાવ નં. 6 મુજબ CAS (Career Advancement Scheme અંગે યુ.જી.સી.ના પત્ર ક્રમાક No. F.9-1/2010(PS/MISC.) Pt. Vol-II dated 20-06-2024માં દર્શાવેલી જોગવાઈ અનુસાર જે શૈક્ષણિક સેવક તા. 31-12-2024 સુધીમાં લાયકાત મેળવશે તેઓ અધિનિયમ 2010 અથવા 2018 મુજબ CAS માટે અરજી કરશે તેને બહાલી આપવા અંગે.

ઠરાવ-33 : તા. 29-06-2024ના રોજ મળેલ વિદ્યાસભાના ઠરાવ નં. 6 મુજબ CAS (Career Advancement Scheme) અંગે યુ.જી.સી.ના પત્ર ક્રમાક No. F.9-1/2010(PS/MISC.) Pt. Vol-II dated 20-06-2024માં દર્શાવેલી જોગવાઈ અનુસાર જે શૈક્ષણિક સેવક તા. 31-12-2024 સુધીમાં લાયકાત મેળવશે તેઓ અધિનિયમ 2010 અથવા 2018 મુજબ CAS માટે અરજી કરશે તેને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર માની બેઠકનું કામકાજ પૂર્ણ જાહેર કર્યું.

તા. 03-07-2024

(ડૉ. નિખિલ ભટ્ટ)
ઇન્ચાર્જ કુલસચિવ